પૂનમે રૂપાલમાં વરદાયીની માતાજીના દર્શનાર્થે ભાવિકોની ભીડ ઉમટી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાનું યાત્રાધામ રૂપાલ તેની નવરાત્રીની

નોમની રાત્રે નીકળતી વરદાયીની માતાની પલ્લીથી રાજયભરમાં જાણીતું છે. આ વર્ષે પણ પલ્લીનું ભાવપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું અને જે શ્રદ્ધાળુઓ પલ્લીના મેળામાં દર્શન નહોતા કરી શક્યાં તે પછીના દિવસોમાં તેમનો અવિરત પ્રવાહ વરદાયીની માતાના મંદિરે ચાલુ રહેવા પામ્યો છે. આજે પૂનમ હોવાને કારણે શ્રદ્ધાળુઓનો આ પ્રવાહ ખૂબ વધી જવા પામ્યો હતો અને મોટી સંખ્યામાં ભાવિકોએ રૂપાલના મંદિરે દર્શન કર્યા હતા.

રૂપાલનું વરદાયીની માતાનું મંદિર લાખો શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર છે અને ખાસ કરીને નવરાત્રીમાં છેલ્લે નોરતે નીકળતો માતાજીનો પલ્લીરથ ભાવિકો માટે ખૂબ મહત્વનું સ્થાન ધરાવે છે કેમકે આ વિસ્તારના પરિવારો માટે બાળકના જન્મ પછીની પહેલી પલ્લીએ પલ્લીરથના દર્શન કરાવી માતાજીના આશિર્વાદ લેવાની બાધા-માનતા ગણાય છે. જે શ્રદ્ધાળુઓ પલ્લીના મેળામાં દર્શનાર્થે નથી આવી શકતા તેઓ નવરાત્રી પછી શરદપૂનમ સુધીમાં પલ્લીના દર્શને આવતા હોય છે અને આજે શરદપૂનમ હોવાથી દર્શનાર્થે ભાવિકોની ભીડ ઉમટી હતી. વરદાયની માતાજીના મંદિરે ભક્તોનો અવિરત પ્રવાહ સતત ચાલુ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે રૂપાલની સુપ્રસિદ્ધ વરદાયીની માતાજીના મંદિરનો તાજેતરમાં જ જીર્ણોદ્ધાર કરીને તેને તદ્દન નવીન બનાવી દેવાયું છે જે વધુ સુવિધાપૂર્ણ અને સલામતી સાથે ભવ્યતા પ્રાપ્ત કરી ચુક્યું છે.

આજરોજ માણસા તાલુકાના શોભાસણ ગામે રાજ્ય સરકાર દ્વારા મહિલાઓના સિવણ તાલિમ વર્ગનું ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતુ. જેમાં લક્ષ્મણસિંહ રાઠોડ, વસંતીબેન ઠાકોર, રાજુભાઈ ચૌધરી, ગાભુજી ઠાકોર, જયેશભાઈ ચૌધરી, ગામના સરપંચ તેમજ વડીલો અને તાલિમાર્થી મહિલાઓ હાજર રહી હતી.

શહેરમાંથી ૯.૭૦ કિલો ગાંજા સાથે બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ મથકની ટીમના જવાનોએ વાહન ચેકીંગ દરમિયાન સેકટર-૧૩ ચોકડી પાસેથી રીક્ષામાંથી ૯.૭૦ કિ.ગ્રા. ગાંજાના જથ્થા સાથે બે શખ્સોને પોલીસે પકડી પાડી રૂ. ૧.૪૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરનું યુવાધન નશાખોરી તરફ ધકેલાઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. શહેરના સેકટર-૭ પોલીસ મથકના સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ એચ.એ.સોલંકી સે-૧૩ ખાતે આવેલી પોલીલ ચોકી ખાતે સ્ટાફના જવાનો સાથે હાજર હતા. તે સમયે પીઆઈ ડી.એસ.ચૌધરીની સુચનાથી સર્વેલન્સ ટીમ દ્વારા વાહન ચેકીંગની કવાયત હાથ ધરી હતી. જેથી સ્ટાફના જવાનો ચોકી બહાર ચોકડી પાસે વાહન ચેકીંગની શરુઆત કરી હતી. તે દરમિયાન રીક્ષા નં. જી.જે.૦૧.ટી.ઈ.-૪૬૧૪ લઈને પસાર થતા તેને અટકાવી પુછતાછ કરવામાં આવી હતી.જયારે અંદર બેઠેલા શખ્સનુ નામ પુછતા નિજાત્મા ભુપેન્દ્રભાઈ શાહ(રહે.સેકટર-૨ સી પ્લોટ નં.૭૪૨, મુળ રહે. દેકાવાડા જૈન દેરાસર પાસે દેત્રોજ) અને રીક્ષા ચાલકે અરવિંદ ઉર્ફે અમિત રાજુભાઈ વાજા (ઉં.૨૦ સેકટર-૬ શહેરી બસ સ્ટેન્ડની પાછળ કાચા છાપરા)હોવાનું જણાવ્યું હતું. પોલીસના જવાનો દ્વારા રીક્ષામાં તપાસ કરતા અંદર રહેલી પ્લાસ્ટીકની બેગમાંથી ૯.૭૦

કિં.ગ્રા. ગાંજો મળી આવ્યો હતો. આટલી મોટી માત્રામાં ગાંજાનો જથ્થો જોઈને પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

ગાંજાના જથ્થા અંગે નિજાત્મા શાહ ને પુછતાછ કરતા તે યોગ્ય જવાબ આપી શક્યો ન હતો. જેથી ચોકી પર લઈ જઈને પુછપરછ કરતા પોલીસને પેડલરનો નંબર મળી આવ્યો હતો, જે ગાંજાનો જથ્થો આપી ગયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું કે પેડલર પાસેથી ગાંજાના જથ્થો લઈને નિજાત્મા તેનુ છુટક વેચાણ કરતો હતો. પોલીસે બંન્ને શખ્સોની ધરપકડ કરી રીક્ષા અને ગાંજો મળી કુલ રૂ.૧.૪૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી એનડીપીએસ એકટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ એસઓજી પોલીસ કરી રહી છે.

રાયસણના પેટા પરા હાથીપુરામાં ગટરો ઉભરાતા રોગચાળાનો ભય

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યનું પ્રથમ ગોકુળિયુ ગામ બનેલ રાયસણ જે હવે મનપાના નવા વિસ્તારમાં સમાવિષ્ટ થયેલ છે તેના પેટાપરા હાથીપુરામાં છેલ્લા એક મહિનાથી ગટર ઉભરાઈ રહી હોવાથી રોગચાળાનો ભય ઉભો થયો છે.

ગટર ઉભરાવવાની આ સમસ્યા અંગે ગ્રામજનોએ મનપાના તંત્રને ફરિયાદ કરી છે. અધિકારીઓ આવી અને ઉભરાતી ગટર જોઈ કોઈપણ પ્રકારની કામગીરી કર્યા વિના પરત ફર્યા હોવાની ફરિયાદ વસાહતીઓ કરી રહ્યા છે.

આ પેટા પરામાં ૧૭૦ થી વધુ મકાનો આવેલા છે અને ગ્રામજનોને સુવિધાઓ આપવાની વાત તો દૂર રહી પણ પ્રશ્નોના ઉકેલ માટે પણ તંત્ર દ્વારા જે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે તેને લઈ ગ્રામજનોમાં રોષની લાગણી જન્મી છે.

ગટરો ઉભરાવવાને કારણે આસપાસના રહીશો પણ દુર્ગંધથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ વિસ્તારમાં રોગચાળાનો ભય ઉભો થયો છે. મનપાના સત્તાધીશોએ સત્વરે પગલાં લેવા જોઈએ તેવી માંગ પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય બેચરજી ઠાકોરે કરી છે. જો આ પ્રશ્ન સત્વરે નહિ ઉકેલવામાં આવે તો રહીશોને આંદોલનનો માર્ગ અપનાવવો પડશે.

ઓસ્ટ્રીયાની નેશનલ ક્રિકેટ ટીમમાં ડંકો વગાડતો ગાંધીનગરનો સાહિલ મોમીન

ગાંધીનગર, તા. ૨૦

આઈપીએલ સમાપન થયું અને હવે ટી-૨૦ વર્લ્ડકપ માટે ગણતરીના દિવસો બાકી છે. આ બધાની વચ્ચે ઓસ્ટ્રીયાની નેશનલ ટી-૨૦ ક્રિકેટ ટીમમાં ગુજરાતના ગાંધીનગરનો યુવાન સાહિલ મોમીન ડંકો વગાડી રહ્યો છે. ગાંધીનગરમાં વર્ષ ૧૯૯૧માં જન્મેલ સાહિલ મોમીને પાટનગરની સેન્ટ ઝેવિયર્સ શાળામાં ધોરણ ૧૨ સુધી અભ્યાસ કર્યો. અમદાવાદની ઈન્ડસ કોલેજમાં બી.ઈ. (ઈલેકટ્રીકલ અને ઈલેક્ટ્રોનિક્સ) પૂર્ણ કર્યું. વધુ અભ્યાસ માટે સાહિલ જર્મની પહોંચ્યો જ્યાં તેણે સસ્ટેનેબલ રિસોર્સ મેનેજમેન્ટ વિષયમાં અનુસ્નાતકનો અભ્યાસ કર્યો.

અભ્યાસની સાથે સાથે ક્રિકેટ રમવાનો જીવ સાહિલના દિલો દિમાગમાં ચાલતો. અંડર ૧૫ અને અંડર ૧૭ માં ગુજરાત તરફથી ઘણી મેચ રમેલ સાહિલે હવે વિદેશની ધરતી ઉપર ક્રિકેટ રમવાનું શરુ કર્યું. વર્ષ ૨૦૧૬ થી

૨૦૧૮ સુધી જર્મનીની ક્રિકેટ ટીમમાં પસંદગી થતા તેઓએ ક્રિકેટ રમવાનું શરુ કર્યું. નોકરીની શોધમાં સાહિલ ઓસ્ટ્રીયા પહોંચ્યો અને ત્યાં સારી નોકરીની ઓફર મળતા કામ કરવાનું શરુ કર્યું. નિયમ મુજબ તમારે કોઈ પણ દેશમાંથી ક્રિકેટ રમવું હોય તો તે દેશમાં ૩ વર્ષ સુધી તમે રહેલા હોવા જોઈએ.

ત્રણ વર્ષ જૂન ૨૦૨૧માં પૂર્ણ થતા જ સાહિલ ઓસ્ટ્રીયાની નેશનલ ક્રિકેટ ટીમમાં પસંદગી પામ્યો. ઓસ્ટ્રીયાની ટી-૨૦ ક્રિકેટ ટીમને આઈસીસીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ટીમનો દરજ્જો આપેલ છે. તાજેતરમાં બેલ્જીયમ સાથે ઓસ્ટ્રીયાની ૩ ટી-૨૦ ક્રિકેટ સિરીઝ યોજાઈ. જેમાં ગુજ્જુ સાહિલ મોમીનને શ્રેષ્ઠ પરફોર્મન્સ બદલ મેન ઓફ ધ સિરીઝના એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. સાહિલ ઓલરાઉન્ડર તરીકે ઓસ્ટ્રીયાની ટી-૨૦ ક્રિકેટ ટીમના મહત્વના સભ્ય તરીકે કાર્યરત છે. સાહિલ મૂળ લેફ્ટ આર્મ ઓફ સ્પીન બોલર છે સાથે સાથે તેણે ઘણી મેચોમાં ઓપનિંગ બેટ્સમેન તરીકે પણ ભૂમિકા બજાવી છે. હાલ સાહિલ ચોથા ક્રમે બેટિંગ માટે આવે છે.

શારીરિક શિક્ષણ વિભાગની રાષ્ટ્રીય સેવા યોજના એકમને સુયશ

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમના બે વિદ્યાર્થીઓ એલિસ ક્રિશ્ચિયન અને દીપક યાદવની પસંદંગી વેસ્ટ જોન કક્ષાની પ્રી રિપબ્લોક ડે પરેડ માટે થઈ છે આ પ્રી રિપબ્લોક ડે પરેડનું આયોજન જલગાંવ યુનિવર્સિટી, જલગાંવ, મહારાષ્ટ્ર દ્વારા આગામી ૧૪ ઓક્ટોબરથી કરવામાં આવશે. શારીરિક શિક્ષણ વિભાગની આ યુનિટને ૨૦૧૫માં રાષ્ટ્ર કક્ષાના રાષ્ટ્રપતિ એવોર્ડ પણ પ્રાપ્ત થયેલો છે અને પ્રત્યેક વર્ષ આ રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયં સેવકોએ રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે. પૂર્વમાં પણ રાજુ ભૂતિયા અને હસ્તી વેગડ આ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી અને બંને સ્વયં સેવકોએ રાષ્ટ્રકક્ષાની દિલ્લી ગણતંત્ર દિવસની પરેડમાં ભાગ લીધો હતો. આ વર્ષે પણ બંને વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી શુભેચ્છા આપવામાં આવે છે કે બંને વિદ્યાર્થીઓની પસંદગી દિલ્હી ગણતંત્ર દિવસની પરેડ માટે થઈ જાયે તેમની આ સિદ્ધિ માટે રાષ્ટ્રીય સેવા યોજના એકમના ડો. અરુણભાઈ ગાંધી સંસ્થાના ડીન પ્રો. જગદીશચંદ્ર સાવલિયા અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસરે તેમને ખૂબ ખૂબ અભિનંદન આપ્યું છે.

ગાંધીનગર ખાતેથી ન્યૂમોકોકલ કોંજુગેટ વેક્સિનેશનનો રાજયવ્યાપી શુભારંભ કરાવતા આરોગ્યમંત્રી

ગાંધીનગરના સેક્ટર-૨ માં આવેલ અર્બન હેલ્થ સેન્ટર ખાતેથી આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલે બાળકને ન્યૂમોકોકલ કોંજુગેટ

વેક્સિનના ટીપાં પીવડાવી ન્યૂમોકોકલ કોંજુગેટ વેક્સિનેશનનો રાજયવ્યાપી શુભારંભ કરાવતા કહ્યું હતું કે આ સરકાર રાજ્યના નાગરિકોના તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે સતત ચિંતા અને ચિંતન કરતી સરકાર છે. આ રસીકરણ કાર્યક્રમમાં રાજ્ય આરોગ્યમંત્રી નિમિષાબેન સુથારે ઉપસ્થિત રહી રાજ્ય સરકારના આ નિર્ણયને તંદુરસ્ત રાષ્ટ્ર નિર્માણ માટેનો મહત્વનો ગણાવ્યો હતો.

આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલે કહ્યું કે કેન્દ્ર સરકારના સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમમાં ન્યૂમોનિયા તેમજ મગજના તાવથી બચાવતી ન્યૂમોકોકલ કોંજુગેટ વેક્સિનનો (પી.સી.વી.) સમાવેશ કરવામાં આવ્યો છે. સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત સમગ્ર દેશમાં વિવિધ આરોગ્ય કેન્દ્રો પર ન્યૂમોકોકલ કોંજુગેટ વેક્સિન (પી.સી.વી.) વિનામૂલ્યે ઉપલબ્ધ છે તેમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રી ઋષિકેશભાઈ પટેલે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આરોગ્યક્ષેત્રે લેવામાં આવી રહેલા નવીન પગલાઓમાનું એક મહત્વનું પગલું એટલે ન્યૂમોકોકલ કોંજુગેટ વેક્સિનનો (પી.સી.વી.) સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમમાં સમાવેશ. ન્યૂમોનિયા તથા મગજનો તાવ એ ન્યૂમોકોકલ બેક્ટેરિયાથી થતી બીમારીઓ છે. ન્યૂમોનિયા પાંચ વર્ષથી ઓછી ઉમરના બાળકોના મૃત્યુનું એક મુખ્ય કારણ છે ત્યારે આવી બીમારીઓ સામે બાળકોને સુરક્ષા પૂરી પાડવામાં આ વેક્સિન (પી.સી.વી.) મદદરૂપ સાબિત થશે.

દિવાળી નજીક આવી રહી છે ત્યારે ફટાકડાઓનું વેચાણ શરૂ થઈ ચુક્યુ છે. મુખ્ય બજારોમાં જાતભાતના ફટાકડાઓ વેચતી લારીઓ જોવા મળી રહી છે. નાના બાળકો ફટાકડાઓ ખરીદીને ખુશ થઈ રહ્યા છે.

લાગણીનો મેળો ● અનુસંધાન ચોથાનું ચાલુ...

વર્ણભેદ, રંગભેદ, રાષ્ટ્રભેદ, ધર્મભેદ જેવા ભેદોની દિવાલો સ્વાધ્યાય કાર્ય થકી તૂટે ને પ્રેમભાવના, પરિવારભાવના સાકારિત થાય. એટલે દાદાજી કહેતા, 'મારો સ્વાધ્યાય પરિવાર માનવમાં રહેલા સાત્ત્વિકતા પર જ ઊભો છે.'

પૂ. દાદાજી તો સામાજિક ક્રાંતિના પ્રણેતા છે. ભક્તિ એક સામાજિક બળ Social Force છે. દાદાજીનું તત્ત્વજ્ઞાન જ નોંખું અને ન્યારું છે. યોગેશ્વર કૃષિ, મત્સ્યગંધા (તરણા મંદિર), વૃક્ષ મંદિર, ગોરસ, શ્રીદર્શનમ્... જેવા વિદવિધ પ્રયોગો. અરે, વાઘરી સમાજને 'વાગૃહરિ' કહીને પ્રતિષ્ઠા આપી. માછીમારોને સાગર પૂજકો બનાવ્યા. સમાજના દલીત, પીડિત, વંચિત, શોષિત બાંધવોમાં અસ્મિતા ઊભી કરી. સ્વાવલંબન તરફ દોર્યા. સમાજમાં દૈવી ભ્રાતૃભાવ ઊભો કર્યો. 'ટાઈમ, ટિકીટ, ટિફીન' 'પ્રકાસ, પાણી ને પાથરણું' 'મફતનું લઈશ નહીં' - આવી આચાર સંહિતા ગાંઠે બાંધી લાખો કૃતિશીલો દોડતા થયા. કુદરતી સંપત્તિની જાળવણી માટે કૂવા રિચાર્જ, નિર્મળ નીર, શોષખાડા ઉપરાંત ચિકિત્સાલય, ઘરમંદિર જેવા નોંખા - ન્યારા પ્રયોગો દાદાજીએ આપ્યા. આપણા પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને તો દાદાજીને 'તમારામાં ખરેખર મને ઋષિ પ્રતિભાનાં દર્શન થાય છે.' એમ કહેલું. તત્કાલીન મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીએ એ આંદરાજલિ આપતા કહ્યું, 'વેદથી વિવેકાનંદ સુધીની આધ્યાત્મિક ઊંચાઈને છેવાડાના માણસ સુધી લઈ જવાનું કાર્ય પૂ. દાદાએ કર્યું છે અને માનવમાં સાચું મનુષ્ય ગૌરવ નિર્માણ કર્યું છે.'

પૂ. દાદાજીએ આપણા ઋષિ, આપણી ગીતા, આપણો કૃષ્ણ ભગવાન માટેનો પૂજા ભાવ તેમજ માણસ તરફ કુટુંબભાવની સમજ વિકસાવી દૈવી પરિવાર ભાવના વ્યાપક કરી. આવા આધ્યાત્મિક ચેનતાના પ્રેરણામૂર્તિ યુગઋષિ દાદાજીએ માનવજીવનમાં અસ્મિતા, આત્મીયતા, બધુંતા અને સમાનતાના દીવડા પેટાવી ૮૩ વરસના આયખાને ગીતાકાર શ્રીકૃષ્ણ ભગવાનને ચારણે ધરી દિવાળીના પવિત્ર પર્વે ઈહલોકની ભૂમિકા બદલી હૃદસ્થ થયા!

દોસ્તો, પૂ. દાદાજીનો જન્મદિવસ ૧૯ ઓકટોબર, 'મનુષ્ય ગૌરવ દિન' અને ૨૫ ઓકટોબર દાદાજીનો બ્રહ્મ નિર્વાણ દિવસ વચ્ચેના ૬ દિવસ 'અનન્યાહ' (એટલે કે અન્ય ઈતિ - તે દિવસોમાં બીજું કંઈ નહી) પૂર્વે પૂ. દાદાને વિનમ્ર શબ્દાંજલિ...!

સ્પર્શમણિ :

'સાચો સ્વાધ્યાયી વિચારોમાં ક્રાંતિકારી, સખ્યનો આગ્રહી અને જ્ઞાનનો પૂજક.'

●●●

પોતાની બેઠક બદલવી તે વિકાસ અને બીજાની બેઠક બદલવી તે ક્રાંતિ. અને ભક્તિની સાચી સમજણથી જ તે સંભવિત છે.

- પૂ. પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજી
- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

સભાખંડમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળેલ છે. જો કે આ વખતે સત્તાવાર વિપક્ષને સ્થાન જ નથી.

ગાંધીનગર મહાનગરપાલિકાની ત્રીજી સામાન્ય ચૂંટણી ૩ ઓક્ટો.ના રોજ યોજાઈ હતી અને પાંચ ઓક્ટો.ના રોજ તેના પરિણામ જાહેર થયા હતા જેમાં ભાજપને ૪૧ બેઠક, કોંગ્રેસને ૨ અને આમ આદમી પાર્ટીનો એક બેઠક પર વિજય થયો છે. મનપાની પ્રથમ સામાન્ય સભા હોવાથી પોલીસ બંદોબસ્ત પણ તંત્ર દ્વારા રાખવામાં આવ્યો છે જેથી ભીડનું નિયંત્રણ થઈ શકે તેમજ પ્રવેશની કામગીરી પણ સરળતાથી થઈ શકે. આજની આ સામાન્ય સભાને લઈ તંત્રએ મતદાનની પ્રક્રિયા અંગે સભ્યોને સમજ આપતી નોંધ પણ મોકલી આપી છે. આ પ્રથમ સામાન્ય સભાની વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફી પણ કરવામાં આવનાર છે. પ્રથમ સામાન્ય સભા બાદ ૧૫ જ મિનિટ બાદ સ્થાયી સમિતિની પણ બેઠક મળવાની હોવાથી સ્થાયી સમિતિનો સભાખંડ પણ તૈયાર કરી દેવામાં આવ્યો છે. તંત્ર દ્વારા ચોથા માળની સફાઈની કામગીરી છેલ્લા બે દિવસથી ચાલી રહી છે. દરેક સભ્યને અલગથી માઈક ફાળવવામાં આવ્યા છે. આ સામાન્ય સભાની સાથે મેયરની ચેમ્બર, ડે. મેયર અને સ્થાયી સમિતિના ચેરમેનની ચેમ્બરની પણ સાફ-સફાઈ કરી દેવામાં આવી છે.

બ્લેક પોઈન્ટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાટીયા, મહુન્દ્રા પાટીયા, ચિલોડા સર્કલ ચિલોડા નરોડા માર્ગ પર વલાદ પાટીયા, નરોડા દહેગામ માર્ગ પર વડોદરા બસ સ્ટોપ પાસે , કલોલ મહેસાણા માર્ગ પર છત્રાલ બ્રિજ , અમૃત હોટલ પાસે ગાંધીનગર માણસા માર્ગ પર ગાયત્રી મંદિર પાસે પણ વિશેષ માર્ગ અકસ્માત થતા હોવાનુ ધ્યાને આવ્યુ છે. જો કે આ માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી પોઈન્ટ પર અકસ્માતોનુ પ્રમાણ અટકાવવા માટે બમ્પ બનાવવા સહીત વાહનોમાં ગતિ નિયંત્રણ જળવાય અને ટ્રાફિકનુ સંચાલન નિયમનના પાલન સાથે થાય તે માટે પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

રાજ્યના ભુલકાંઓને ન્યૂમોનિયા મગજના તાવ સામે મળશે ન્યૂમોકોકલ કોંજુગેટ વેકસીનનું આરોગ્ય સુરક્ષા કવચ

ગાંધીનગર, તા. ૨૦

દેશ અને ગુજરાતની ઉજ્જવળ આવતીકાલ સમા ભુલકાં-બાળકોને ન્યૂમોનિયા અને મગજના તાવ સામે આરોગ્ય સુરક્ષા કવચ આપતી ન્યૂમોકોકલ કોંજુગેટ વેકસીન-ઁઝફ થી સાર્વત્રિક રસીકરણ અભિયાન અન્વયે આવરી લેવાનો મહત્વપૂર્ણ આરોગ્ય સુરક્ષા સેવા યજ્ઞ બુધવાર તા. ૨૦મી ઓકટોબરથી આરંભાયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ વેકસીનેશન કાર્યક્રમનો રાજયવ્યાપી પ્રારંભ આદિજાતિ વિસ્તાર છોટાઉદેપૂર જિલ્લાના આલ્હાદપૂરાના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરથી કરાવ્યો હતો.

ભારત સરકાર દ્વારા સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અન્વયે રાજયની તમામ સરકારી હોસ્પિટલ, આરોગ્ય કેન્દ્રો, પેટા આરોગ્ય કેન્દ્રો અને હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર પરથી આ વેકસીન દોઢ વર્ષ સુધીના બાળકોને વિનામૂલ્યે અપાશે.

ખાનગી ક્ષેત્રમાં સામાન્યતઃ રૂ. ૩ હજારથી ૪૫૦૦ ની કિંમતે મળતી આ વેકસીન સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત સરકાર વિનામૂલ્યે લાભાર્થી બાળકોને આપવાની છે. રાજ્યમાં એક વર્ષમાં અંદાજે ૧૨ લાખ જેટલા બાળકોને ૩ ડોઝ મળીને કુલ ૩૬ લાખઁઝફ ડોઝ આપવામાં આવશે.

બાળકને જન્મના ૬ અઠવાડિયે આ વેકસીનનો પહેલો ડોઝ, ૧૪ અઠવાડિયે બીજો ડોઝ અને ૯ મહિના બાદ ત્રીજો બૂસ્ટર ડોઝ વેકસીન આપવામાં આવશે.

ન્યુમોકોકલ ન્યુમોનિયા શ્વાસોશ્વાસને લગતો રોગ છે જે ફેફસામાં બળતરા અને પ્રવાહીનું સંચય કરે છે. ઉધરસ, છાતીનું અંદર ખેંચાવું, શ્વાસ લેવામાં તકલીફ, તીવ્ર શ્વાસ, અને ગળામાં ઘસણી બોલવી આ રોગના મુખ્ય લક્ષણો છે. જો શિશુ આ રોગથી ગંભીર રીતે બિમાર હોય તો, તેને ખાવા-પીવામાં તકલીફ પડે છે, આંચકી આવી શકે અથવા બેભાન થઈ શકે છે, અને તેનું મૃત્યુ પણ થઈ શકે છે. ન્યુમોકોકલ સંક્રમણના કારણે કે મેનિન્જાઈટિસ, સેપ્ટિસીમિયા, અને ન્યુમોનિયા જેવા ગંભીર રોગ સાથે સાથે સાઈનુસાઈટિસ જેવા મંદ પણ વધારે સામાન્ય રોગો પણ થઈ શકે છે. ભારતમાં ન્યુમોકોકલ ન્યુમોનિયાના કારણે ૨૦૧૦માં પાંચ વર્ષથી નાના આશરે ૧ લાખ અને ૨૦૧૫માં લગભગ ૫૩ હજાર બાળકો મૃત્યુ પામ્યા હતા. ન્યૂમોકોકલ કોંજુગેટ વેક્સિન-ઁઝફ ૫ વર્ષથી ઓછી ઉમરના બાળકોનો મૃત્યુદર ઘટાડવામાં ઉપકારક નિવડશે.

રસીકરણ બાળકોમાં ન્યુમોકોકલ રોગના કારણે થતા રોગો અને મૃત્યુને અટકાવે છે. બે વર્ષથી નાનાં બાળકોમાં ગંભીર ન્યુમોકોકલ રોગનું જોખમ રહે છે પણ એનું સૌથી વધારે જોખમ એક વર્ષથી નાનાં બાળકોમાં હોય છે. ઁઝફ રસીકરણ ન કેવળ શિશુની રક્ષા કરશે પરંતુ બાળકમાં ન્યુમોકોકલ રોગના જોખમને પણ ઘટાડશે. બાળકોને પલ્સ પોલીયો રસી આપવાના વ્યાપક અભિયાનને પગલે ગુજરાત ૨૦૦૭માં પોલીયો મુક્ત જાહેર થયું છે. હવે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં ન્યૂમોકોકલ કોંજુગેટ વેક્સિનેશનના યુનિવર્સલ પ્રોગ્રામથી રાજ્યમાં નવજાત બાળકોને ન્યુમોનિયા અને મગજના તાવથી સંપૂર્ણ રક્ષણ આપવાની નેમ પાર પડશે અને ગુજરાત ચાઈલ્ડ હેલ્થકેરમાં પણ અગ્રેસર રહેશે.